# સિદ્ધિ : રસીકરણમાં ગુજરાતે મેળવી વધુ એક સિદ્ધિ

## રાજ્યમાં પાંચમી ઓગસ્ટ સુધીમાં ૩.૫૦ કરોડથી વધુ વેક્સીનેશન ડોઝ અપાયા : એક જ દિવસમાં સમગ્ર રાજ્યમાં ૫.૮૧ લાખથી વધુ રસીકરણ ડોઝ

રાજ્યમાં ૧૮ વર્ષથી ઉપરની વયના રસીકરણ માટે પાત્રતા ધરાવતા કુલ ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકોમાંથી અત્યાર સુધીમાં ૨ કરોડ ૬૪ ૫૭ હજાર ૪૩૯ પ્રથમ ડોઝ અને ૮૫ લાખ ૪૩ હજાર ૫૯૫ બીજો ડોઝ એમ સમગ્રતયા ૩,૫૦,૦૧,૦૩૪ ડોઝ વેક્સીનેશન થયું છે.

ગુરૂવારે તા.૫મી ઓગસ્ટે એક જ દિવસમાં રાજ્યભરમાં ૫.૮૧ લાખથી વધુ વેક્સીનેશન ડોઝ આપીને પણ એક દિવસમાં સૌથી વધુ વેક્સીનેશન ડોઝ રાજ્યમાં આપવામાં આવ્યા છે.

સમગ્ર રાજ્યમાં તા.૧૬ જાન્યુઆરી-૨૦૨૧ થી રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો.

રસીકરણ માટે પાત્રતા ધરાવતા ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકોમાંથી પ્રથમ તબક્કામાં હેલ્થ કેર વર્કરોને રસી આપવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં કુલ ૬,૨૨,૯૪૯ લાખને પ્રથમ ડોઝ તેમજ ૫,૧૦,૬૭૩ હેલ્થ કેર વર્કરોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

સમગ્ર દેશમાં ફ્રન્ટ લાઈન વર્કરોનું રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તા. ૩૧મી જાન્યુઆરી-૨૦૨૧થી ફ્રન્ટ લાઈન વર્કરોનું રસીકરણ સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવ્યું હતું જેમાં કુલ ૧૩,૪૨,૬૧૧ ફ્રન્ટલાઈન વર્કરોને પ્રથમ ડોઝ તથા ૧૦,૦૫,૬૪૦ને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

ત્યારબાદ ૧ લી માર્ચ-૨૦૨૧ના રોજ થી ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા તથા ૪૫ થી ૫૯ વર્ષ ઉંમરના અન્ય રોગ ધરાવતા નાગરિકોને રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

તા. ૧લી એપ્રિલ-૨૦૨૧ના રોજથી ૪૫ વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૪૫થી વધુ ઉંમર ધરાવતા રાજ્યના કુલ ૧,૨૫,૨૬,૩૭૨ લોકોને પ્રથમ ડોઝ તેમજ ૬૨,૪૫,૭૬૬ વ્યક્તિઓને બીજો ડોઝ આપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ તા. ૧ મે-૨૦૨૧ના રોજથી રાજ્યમાં રાજ્યના ૭ કોર્પોરેશન તથા ૩ જિલ્લા માં ૧૮-૪૪ વર્ષ વય જુથ માટે રસીકરણની કામગીરી અને તા. ૪ થી જુન-૨૦૨૧થી રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં આ વય જુથમાં રસીકરણની કામગીરી શરૂ થઈ છે.

અત્યાર સુધીમાં આ વય જુથના ૧,૧૯,૬૫,૫૦૭ કરોડ પ્રથમ ડોઝ અને ૭,૮૧,૫૧૬ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

આમ, સમગ્રતયા તા. ૦૫.૦૮.૨૦૨૧ સુધીમાં રાજ્યમાં તમામ જુથોના ૨,૬૪,૫૭,૪૩૯ પ્રથમ ડોઝ તથા ૮૫,૪૩,૫૯૫ બીજો ડોઝ મળી કુલ ૩,૫૦,૦૧,૦૩૪ વધુ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

# કચ્છની સૂકી ધરતી પર નર્મદાનું પાણી પહોંચાડીને કચ્છને પાણીદાર બનાવ્યું : વિજય રૂપાણી

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કચ્છની ધરતી પર કિસાનોનું સન્માન : કિસાન સન્માન દિવસ નિમિત્તે કૃષિ કલ્યાણની રાજ્યવ્યાપી સેવાઓનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છ-ભુજમાં કિસાન સન્માન દિવસના રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ગુજરાતના કૃષિકારોનું સન્માન કરતા સ્પષ્ટ જણાવ્યું કે અમારી સરકારે ખેડૂતોના કલ્યાણ માટે રાત-દિવસ કામ કર્યું છે. ૨૫ વર્ષ પહેલા અગાઉની સરકારોએ ખેડૂતને અધોગતિ તરફ ધકેલી દીધો હતો. ખેડૂતનું કલ્યાણ અને હિત થાય અને ખેડૂતો સમૃદ્ધ બને તે માટે રાજ્ય સરકારે અથાગ પરિશ્રમ કર્યો છે તેમ જણાવીને ખેડૂતના નામે માત્ર વાતો કરનારા ખેડૂત વિરોધીઓને સ્પષ્ટ જણાવ્યું હતું કે તેઓ કાન ખોલીને સાંભળી લે કે જગતનો તાત અન્નદાતા સુખી અને સમૃદ્ધ થાય તે માટે અમે કટિબદ્ધ છીએ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના શરૂ કરીને ગામડાં અને ખેતીને બેઠી કરવા પાયો નાખ્યો અને અમારી સરકારે વડાપ્રધાને ચીંધેલા કૃષિ વિકાસના માર્ગે કૃષિ કલ્યાણના અનેક નિર્ણયો લઈને ખેડૂતની પ્રગતિ થાય તે દિશામાં નક્કર કામ કર્યું છે.




પાંચ વર્ષમાં રાજ્ય સરકારે કૃષિ કલ્યાણના કરેલા કાર્યો અને યોજનાઓની વિસ્તૃત માહિતી આપી મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોને ખેતીમાં રાત્રે ઉજાગરા ન કરવા પડે તે માટે કિસાન સૂર્યોદય યોજના શરૂ કરાવીને ખેડૂતના હિતમાં એક ઐતિહાસિક પગલું લેવાયું છે. રાજ્યમાં આજથી વધુ ૧૪૦૦ ગામોમાં દિવસે વીજળી પહોંચી રહી છે તેમ જણાવીને મુખ્યમંત્રીએ કહ્યું કે ગુજરાતના ખેડૂતમાં તાકાત રહેલી છે. તેને પાણી બિયારણ અને વીજળી મળે તો સોનુ પકાવવા જેવી ખેડૂતમાં ક્ષમતા છે તેમ ખેડૂતોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું કે અગાઉ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પાણી માટે હિજરત કરવી પડતી હતી ત્યારે ખેતીમાં નર્મદાનું સિંચાઈનું પાણી અપાશે એવી કોઈને કલ્પના ન હતી. અમે છેક કચ્છના સૂકા વિસ્તારોમાં પાણી પહોંચાડીને કચ્છ અને સૌરાષ્ટ્રને પાણીદાર બનાવ્યું છે. કચ્છમાં સોનાનો સૂરજ ઊગવાનો છે તેમ જણાવીને મુખ્યમંત્રીએ કહ્યું કે કચ્છમાં પશુપાલન અને ખેતીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ આ તકે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે કચ્છમાં કૃષિ યુનિવર્સિટીની કોલેજ અને વેટરનરી કોલેજ બનાવવામાં આવશે. કચ્છના પશુપાલનને ઉત્તેજન આપીને પશુપાલકની પણ આપણે પ્રગતિ કરવી છે.

# ગાંધીનગરને આશીર્વાદ; અક્ષરધામના બીજ રોપ્યા...

ગાંધીનગર, તા. ૫

આજથી ૫૧ વર્ષ પહેલા પ્રમુખસ્વામી મહારાજના ગુરૂ યોગીજી મહારાજે ગાંધીનગરને આશીર્વાદ આપી અક્ષરધામના બીજ રોપ્યા હતા. તા. ૬-૮-૧૯૭૦નો એ દિવસ હતો.




આકાશમાં ઘુંઘવાયેલા વાદળોની જેમ ગાંધીગરનું ભવિષ્ય પણ વિઘ્નોના વાદળોથી આચ્છાદિત હતુ. ગુજરાતની પાટનગરી બનવા સર્જાયેલી એ ધરતી વિવાદોમાં અટવાઈ હતી. ગાંધીનગરને રાજધાની તરીકે જાહેર કર્યા પછી કેટલોક લોકસમુદાય એને સ્વીકારવા તૈયાર નહોતો.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈની વિનંતીથી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી તથા અન્ય સંતો ગાંધીનગર પધાર્યા, મંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ તથા મુખ્ય સ્થપતિ મેવાડાએ ગાંધીનગરની તમામ ધરતી પર યોગી બાપાની પાવનકારી દૃષ્ટિ કરાવી.

મુખ્યમંત્રીના નિવાસસ્થાને પગલાં કરવા પધાર્યા ત્યારે ગાંધીનગર માટે આશીર્વાદ માંગ્યા, યોગીજી મહારાજે આશીર્વાદ આપતા કહ્યું : "ગાંધીનગર સારૂ પાટનગર થશે. લોકોને શાંતિ અને ધર્મભાવના રહેશે."

મુખ્યમંત્રીએ દુષ્કાળના ઓળામાં ઘેરાયેલા ગુજરાત માટે આશીર્વાદ માગ્યા; ત્યારે યોગી બાપાએ "આ વખતે ૩૨ આના વરસાદ થશે." એવા આશીર્વાદ પણ આપ્યા.

અત્રેથી જુદા જુદા સ્થળે થઈને સેક્ટર-૨૦માં એક વડલા નીચે પધાર્યા. મંત્રી બાબુભાઈએ જણાવ્યું : "આ વડલો અને આ સ્થળ પ્રાચીન લાગે છે. તો આપ જરૂરથી અહીં મંદિર કરો."

યોગી બાપાની દિવ્ય દૃષ્ટિ એ સ્થળ પર દૂર દૂર ફરી વળી. "સંતો, હરિભક્તો ! અહી ભવ્ય મંદિર થાય, લોકોમાં ધર્મભાવના વધે એના માટે ધૂન કરો." આ શબ્દો સાથે શુભ સંકલ્પ કરીને યોગી બાપાએ પણ તલ્લીન થઈને પ્રાર્થના કરી; ત્યારબાદ ધરતી પર બધે પગલાં કરીને પુષ્પો છાંટ્યા. આનંદમૂર્તિ યોગીજી મહારાજના મુખારવિંદ પટ એ પળે વિશેષ હર્ષ હતો, એક દિવ્ય સ્વપ્ન વાવ્યાનો; એક અલૌકિક ઘટનાના આગમનનું બીજ રોપ્યાનો, "અક્ષરધામ"ના લાખો યાત્રીઓને પ્રેરણાના પુષ્પો વહેંચ્યાનો. યોગી બાપાના આશીર્વાદ ગુજરાતનું એ વર્ષ ૩૨ આના વરસાદથી દન્ય ધન્ય થઈ ઉઠ્યું. ગુજરાતમાં ચારે બાજુ મબલખ પાક ઉતર્યો. વિવાદમાં અટવાયેલ પાટનગર ગાંધીનગર; નિર્વિવાદપણે પાટનગર તરીકે જ રહ્યું.

યોગીજી મહારાજે જે વડલા નીચે પ્રાર્થના કરેલ એ વડલો હાલ અક્ષરધામ મંદિરના પાછળના ભાગમાં મોજુદ છે.

### ધર્મ સત્તાની પુનઃ સ્થાપના માટે ગાંધીનગરમાં સાધુ-સંતો ઉમટી પડ્યાં

# ગુરુ વંદના મંચના નેજા હેઠળ ગાંધીનગર સિવિલના ઓડીટોરીયમ હોલ ખાતે વિશાળ સંત સંમેલન યોજાયું

ગાંધીનગર તા.૦૫

ગાંધીનગરમાં આજે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ઓડિટોરિયમમાં "ગુરુ વંદના મંચ"ના નેજા હેઠળ રાજ્યમાં ધર્મ સત્તા સ્થાપવાના ઉદેશ્ય સાથે ગુજરાત સંત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હિન્દુ ધર્મના લગભગ તમામ સંપ્રદાયનાં અનેક સાધુ-સંતો એક મંચ પર એકત્રિત થયા હતા. આ સાથે મંચ દ્વારા આગામી ઋષિપંચમીના દિવસે રાજ્યમાં જિલ્લા કક્ષાએથી લઈ પ્રદેશ કક્ષાના સંગઠનની રચના જાહેર કરાશે.





આજના સંત સંમેલનમાં બ્રહ્માનંદ ધામના મુક્તાનંદ બાપુ, લીમડીના મોટા મંદિરના લલિતકિશોર શરણ તેમજ વડવાળા મંદિરના કનિરામ બાપુ સહિતના અનેક નામી સાધુ સંતો પધાર્યા હતા. પૂ.મુકતાનંદ મહારાજે પ્રેસ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આજના સંત સંમેલનમાં રાજ્યભરમાંથી એકઠા થયેલા સાધુ સંતોનો હેતુ શુદ્ધ છે જેઓ રાજ્યમાં ફરી એકવાર ધર્મસત્તાનું સ્થાપન કરવા માંગે છે. અનાદિકાળથી ભારતીય સંસ્કૃતિમાં ધર્મ ધર્મસત્તાનું વર્ચસ્વ રહ્યું છે જે અત્યારની રાજ્યવ્યવસ્થામાં ખોવાઈ ગયું છે. સાંપ્રદાયિક અને બિનસાંપ્રદાયિક રાજ્યનો બંધારણ મુજબ વિરોધ નથી, પરંતુ ધર્મનિરપેક્ષ રાજ્ય ક્યારેય ના બનવું જોઈએ. ધર્મનિષ્ઠ મહાપુરુષો સમગ્ર જનતાને માનવતાવાદી સિદ્ધાંતો શીખવે છે. બિનસાંપ્રદાયિક રાજ્ય હોઈ શકે પણ બિન સાંપ્રદાયિક ધર્મ નહી રાજ્યના હોઈ શકે ધર્મની રાજ્યસત્તાને પણ જરૂર પડતી હોય છે.

આ પ્રસંગે રાષ્ટ્ર વંદના મંચના સ્થાપક અને પ્રમુખ, પૂર્વ ડીજીપી ડી.જી.વણઝારાએ જણાવ્યું હતું કે રાજ્યમાં પાંચ કરોડ હિન્દુઓનું પ્રતિનિધિત્વ કરે તેવી ધર્મ સત્તા સ્થાપવાના ઉદેશ્ય સાથે સંત સંમેલન યોજવામાં આવ્યું છે. દેશમાં રાજસત્તા ૧૯૪૭થી છે, પરંતુ ધર્મ સત્તાનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે જેથી આ દેશ અને સમાજનો વિકાસ થવો જોઈએ. છેલ્લા એક વર્ષથી રાષ્ટ્ર વંદનાના નેજા હેઠળ ગુજરાતમાં ૧૧ સંત મિલન સમારોહ યોજાઈ ચુક્યાં છે અને આજે સમગ્ર ગુજરાતના સાધુ-સંતો ગાંધીનગરમાં એકત્ર થયા છે અને આ હિન્દુઓના તમામ સંપ્રદાયના સાધુ સંતો એક મંચ છે.

# મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છના ભુજીયા ડુંગર સ્થિત સ્મૃતિવનની લીધી મુલાકાત

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કિસાન સન્માન દિવસ અંતર્ગત કચ્છ જિલ્લાની મુલાકાત દરમિયાન ભુજ સ્થિત ભુજીયા ડુંગરમાં નિર્માણાધીન સ્મૃતિવનની મુલાકાત લઈ સ્મૃતિવનમાં હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસ કાર્યો અને મુલાકાતીઓ માટેની સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

કચ્છના ૨૦૦૧ના ભૂકંપના દિવંગતોની યાદમાં આ સ્મૃતિવનનું નિર્માણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી થઈ રહ્યું છે.

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના સંકલનમાં વિવિધ સુવિધાઓ સ્મૃતિવનના ૪૭૦ એકર જગ્યામાં ઉભી થવાની છે.

મુખ્યમંત્રીએ આ સુવિધાઓમાંથી ૧૭૫ એકરમાં ઉભી થયેલી વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. સ્મૃતિવનમાં મિયાવાકી પદ્ધતિથી અર્બન ફોરેસ્ટ પણ ડેવલપ કરવામાં આવી રહ્યું છે. જેમાં ત્રણ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ પણ વૃક્ષારોપણ કર્યું હતું. મ્યુઝિયમ સંકુલમાં ૨૩૫ બેઠક વ્યવસ્થાની ક્ષમતા સાથે ઓડિટોરિયમ બનાવવામાં આવ્યું છે. અહીં મુખ્યમંત્રીએ સ્મૃતિવન આધારિત ફિલ્મ નિહાળી હતી.

# કલોલ ખાતે ૨૬ ખેડૂત લાભાર્થીઓને રૂપિયા ૪ લાખથી વધુની સાધન-સહાય અપાઈ

ગાંધીનગર, તા. ૫

ખેડૂતો માટે વીજળી અને પાણી ખેતી માટે ખૂબ જ મહત્વના છે. આ સરકાર હંમેશા ધરતીપુત્રોની પડખે રહી છે. ખેડૂતોની હિતલક્ષી અનેક યોજનાઓ અમલી બનાવી છે. રાહતના અનેક પેકેજ આપીને ખેડૂતોને બળ આપ્યું છે, તેવું આજરોજ કલોલ ખાતે યોજાયલા કિસાન સન્માન દિવસમાં વન અને આદિજાતિ વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું. જનસેવા કાર્યોના સેવાયજ્ઞના પાંચમા દિવસને, સમગ્ર રાજયમાં કિસાન સન્માન દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા કક્ષાના કિસાન સન્માન દિવસ નિમિત્તે સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજના અંતર્ગત સહાય વિતરણ અને કિસાન સૂર્યોદય યોજનાનું લોકાર્પણ કલોલ ખાતેથી મંત્રી ગણપતસિંહ વસાવાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વન અને આદિજાતિ વિકાસ મંત્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, આગામી તા. ૭મી ઓગસ્ટના રોજ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વના પાંચ વર્ષ પૂર્ણ થાય છે. સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે ચાલતી આ રાજય સરકાર દ્વારા તા. ૧ થી ૯ ઓગસ્ટ દરમિયાન વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

### પંચાયતમાં ભડકો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહુમતિ સાથે સત્તા પર આવેલ ભારતીય જનતા પક્ષના સભ્યો આજે પહેલીવાર આક્રોશપૂર્ણ રીતે વહીવટીતંત્ર સામે આવ્યા હતા.

આ આગેવાનોએ સામાન્ય બદલીઓની બાબતમાં પણ તંત્ર અમને પુછતુ નથી. અમારી રજુઆતો પણ ધ્યાને લેવામાં આવતી નથી.

જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિ, બાંધકામ સમિતિ, મહિલા-બાળ વિકાસ સમિતિ, શિક્ષણ સમિતિના ચેરમેનો અને સભ્યોએ આજે અધિકારીઓ દ્વારા ચાલી રહેલી મનમાની અંગે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

### ગંભીર બાબત

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે? તમે ઈચ્છો છો કે બધી તપાસ અમે કરીએ અને સત્ય શોધીએ. આ જાહેરહિતની અરજી દાખલ કરવાની કોઈ રીત નથી.' સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચે કહ્યું કે, આ મામલે વિદેશી કંપનીઓ પણ સામેલ છે. આ એક જટિલ મામલો છે. નોટિસ લેવા માટે કેન્દ્ર તરફથી કોઈએ હાજર રહેવું જોઈતું હતું.

મામલાની સુનાવણી કરતા સીજેઆઈ રમનાએ કહ્યું કે, એ આશ્ચર્યની વાત છે કે, ૨૦૧૯માં પેગાસસનો મુદ્દો સામે આવ્યો અને કોઈએ પણ જાસૂસી અંગે ખરાઈ યોગ્ય સામગ્રી એકત્ર કરવાનો કોઈ ગંભીર પ્રયાસ ન કર્યો. તેમણે કહ્યું કે, 'મોટાભાગની જાહેરહિતની અરજીઓ રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય ન્યૂઝ પેપરોના સમાચાર પત્રોના કટિંગ પર આધારિત છે.' તેમણે કહ્યું કે, 'અમે એમ નથી કહેતા કે, આ મામલે બિલકુલ કોઈ સામગ્રી નથી. અમે બધાને ન્યૂઝ પેપરોના રિપોર્ટ અને પ્રતિષ્ઠિત પત્રકારોની સામગ્રી નથી કહેવા ઈચ્છતા. જે લોકોએ અરજી દાખલ કરી છે, તેમાંથી કેટલાકે દાવો કર્યો છે કે, તેમના ફોન હેક થઈ ગયા છે. તમે આઈટી અને ટેલિગ્રાફિક એકટની જોગવાઈઓને સારી રીતે જાણો છો. એવું લાગે છે કે, તેમણે ફરિયાદ નોંધાવવાનો કોઈ પ્રયાસ નથી કર્યો. આ બાબત અમને પરેશાન કરી રહી છે.

### સ્વચ્છતાનો અભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટલા હોય છે કે અમારી વાત સાંભળતા જ નથી. વિકાસના કામો ઠપ્પ થઈ ગયા છે તો અહિ પંચાયત સંકુલમાં સ્વચ્છતાને નામે મીંડુ છે. પાર્કિંગ માટેની જગ્યાનો પણ અભાવ છે. જિલ્લા પંચાયતમાં સભ્યોને બેસવા માટે પણ જગ્યા નથી અને ચેરમેનોની વાત અધિકારીઓ ધ્યાને લેતા નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ